અપીલ અરજી નં.૨૮૨ તા .૨૦–૯ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ એ બ્રહમભટ્ટ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)
સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીબાંયતઝોન
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ બ્રહમભટ્ટની તા. ૧૦–૮–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) ઠરાવ નં. ૧૮૨૫/૨૦૧૦ તા.૪–૧૧–૧૦ મુદ્દા નં.(૨) ઠરાવ નં.૮૧૨/૨૦૦૯ તા. ૨–૭–૦૯ વિ.મુદ્દા નં.(૧) થી(૫) તથા મુદ્દા નં.(૬) ઠરાવ નં. ૧૦૧૮ તા. ૬–૮–૦૯, ઉપર જણાવેલ સ્થાયી સમિતિના ઠરાવોમાં ઈજારદારોને જે રકમ ચુકવવાની નકકી કરેલ હતી તે રકમમાંથી ફંડ, દંડ, પેનલ્ટી પેટે જે રકમ વસુલ કરવામાં આવેલ હોય તેની રકમ તથા જે અનુસંધાને ફંડ, દંડ, પેનલ્ટી વસુલ લીધેલ હોય તેના આધાર પુરાવાઓ સહિતની માહિતી એટલે કે આ રકમ વસુલ કરી છે ઈજારદાર પાસેથી જે અનુસંધાને વસુલ કરાઈ હોય તેના આધાર પુરાવાઓ અને સાબિતીઓ સહિતની સંપૂર્ણ માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૦–૯–૧૧ ની **SMC/FAP/** નં.૨૮૨/૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ એ બ્રહમભટ્ટની તા. ૧૦–૮–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) ઠરાવ નં. ૧૮૨૫/૨૦૧૦ તા.૪–૧૧–૧૦ મુદ્દા નં.(૨) ઠરાવ નં.૮૧૨/૨૦૦૯ તા. ૨–૭–૦૯ વિ.મુદ્દા નં.(૧) થી (૫) તથા મુદ્દા નં.(૬) ઠરાવ નં. ૧૦૧૮ તા. ૬–૮–૦૯ , ઉપર જણાવેલ સ્થાયી સમિતિના ઠરાવોમાં ઈજારદારોને જે રકમ ચુકવવાની નકકી કરેલ હતી તે રકમમાંથી ફંડ, દંડ, પેનલ્ટી પેટે જે રકમ વસુલ કરવામાં આવેલ હોય તેની રકમ તથા જે અનુસંધાને ફંડ, દંડ, પેનલ્ટી વસુલ લીધંલ હોય તેના આધાર પુરાવાઓ સહિતની માહિતી એટલે કે આ રકમ વસુલ કરી છે ઈજારદાર પાસેથી જે અનુસંધાને વસુલ કરાઈ હોય તેના આધાર પુરાવાઓ અને સાબિતીઓ સહિતની સંપૂર્ણ માહિતી આપવા બાબતે લીંબાયતઝોન, અઠવાઝોન અને કતારગામઝોન ધ્વારા કોઈ પણ નિર્ણય કે માહિતી મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૦– ૯ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા સાથે માહિતી અંગે નકલ સહ દફતરી વિગતો સ્પષ્ટ કરવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૮૫૫ તા.૩૦–૯–૧૧ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીબાંયતઝોન, એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આ.નં.૮૩૪ તા.૧૫–૧૦–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/આ.નં.૩૦૯ તા.૧૮–૮–૧૧ થી તમામઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, ઠરાવ નં.૮૧૨/૨૦૦૯ તા.૨–૭–૦૯ ના સ્થા.સ. ઠરાવની નકલ અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.ંનં. ૬૫૭ તા.૩–૯–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૪૮૦૦ તા.૧૨–૧૦–૧૧ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, સ્થા..સ. નં.૮૧૨/૨૦૦૯ તા.૨–૭–૦૯ ની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.નોર્થઝોન/આ.નં.૩૭૨૬ તા.૫–૯–૧૧ ના પત્રની નકલ, ફી ભર્યાની વિગત તથા તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, જયારે લીંબાયતઝોન તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૦–૮–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/૩૦૯ તા.૧૮–૮–૧૧ થી નિયત સમય અવધિ બાદ કાર્યપાલક ઈજનેર તમામઝોનને આંશિક તબદીલ કરવામાં આવેલ.

અરજીના મુદ્દા નં.(૧) ઠરાવ નં. ૧૮૨૫/૨૦૧૦ તા.૪–૧૧–૧૦ (૨) ઠરાવ નં.૮૧૨/૨૦૦૯ તા. ૨–૭–૦૯ (૩)ઠરાવ નં.૧૭૦૭/૨૦૦૯ તા. ૧૦–૧૨–૦૯, ઠરાવ નં.૧૭૦૮/૨૦૦૯ તા.૧૦–૧૨–૦૯, ઠરાવ નં.૧૭૦૯/૨૦૦૯ તા.૧૦–૧૨–૦૯, ઠરાવ નં.૧૪૨૧/૨૦૧૦ તા. ૨૦–૮–૧૦, ઠરાવ નં.૧૩૮૯/૨૦૧૦ તા. ૨૦–૮–૧૦, ઠરાવ નં.૨૦૫/૨૦૧૧ તા. ૧૦–૨–૧૧, ઠરાવ નં.૬૦૫/૨૦૧૧ તા. ૬–૫–૧૧ (૪) ઠરાવ નં.૧૪૧/૨૦૦૮ તા. ૧૦–૧–૦૮, ઠરાવ નં.૯૬૦/૨૦૦૮ તા. ૫–૬–૦૮ ઠરાવ નં.૧૬૧૮/૨૦૦૮ તા. ૪–૧૨–૦૮ ઠરાવ નં.૬૦૦/૨૦૦૯ તા. ૨૮–૫–૦૯ ઠરાવ નં.૬૮૧/૨૦૧૦ તા. ૨૯–૪–૧૦ ઠરાવ નં.૬૮૨/૨૦૧૦ તા. ૨૯–૪–૧૦ (૫) ઠરાવ નં.૮૩/૨૦૦૮ તા. ૧૦–૧–૦૮ ઠરાવ નં.૩૦૫/૨૦૦૮ તા.૧૪–૨–૦૮ ઠરાવ નં.૭૫૩/૨૦૦૮ તા. ૮–૫–૦૮ ઠરાવ નં.૪૮૬/૨૦૦૮ તા. ૧૯–૩–૦૮ ઠરાવ નં.૯૦૮/૨૦૦૮ તા. ૧૨–૬–૦૮ ઠરાવ નં.૧૦૦૮/૨૦૦૮તા. ૧૦–૭–૦૮ ઠરાવ નં.૧૦૦૯/૨૦૦૮ તા.૧૦–૭–૦૮ ઠરાવ નં.૧૦૧૦/૨૦૦૮ તા. ૧૦–૭–૦૮ ઠરાવ નં.૧૦૨૬/૨૦૦૮ તા. ૧૦–૭–૦૮ ઠરાવ નં.૧૨૧૯/૨૦૦૮ તા. ૧૪–૮–૦૮ ઠરાવ નં.૧૫૫૭/૨૦૦૮ તા. ૬–૧૧–૦૮,ઠરાવ નં.૮૧/૨૦૦૯ તા. ૯–૧–૦૯ ઠરાવ નં.૫૩૨/૨૦૦૯ તા.૨૧–૫–૦૯ ઠરાવ નં.૧૬૪૬/૨૦૧૦ તા.૨૭–૮–૧૦, ઠરાવ નં.૧૮૮૦/૨૦૧૦ તા. ૪–૧૧–૧૦ (૬) ઠરાવ નં. ૧૦૧૮ તા. ૬–૮–૦૯ જે અંગે અરજદારે લીંબાયતઝોન, કતારગામઝોન અને અઠવાઝોન આ ત્રણ જાહેર માહિતી અધિકારી ધ્વારા માહિતીનો પ્રત્યુત્તર ન આપવાના કારણે તા.૨૦–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે અને માહિતીની વિના મૂલ્યે માંગણી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૬૫૭ તા.૩–૯–૧૧ થી નિયત સમય અવધિમાં માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.૨ અંગે માંગ્યા મુજબની માહિતી પાના નંગ–૭૦૯૭ ના નકલ દીઠ રૂા.૨/– લેખે કુલ રૂા.૧૪૧૯૪/– અઠવાઝોન કચેરીએ ઓફિસ સમય દરમ્યાન ભરપાઈ કર્યેથી તમો માહિતીની નકલ મેળવી શકશો. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે આજ દિન સુધી નાણા ભરપાઈ કરી માહિતી મેળવેલ નથી . તેવું જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં જણાવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૩૭૨૬ તા.૫–૯–૧૧ થી નિયત સમય અવધિમાં અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં માહિતીઓ અધિકાર અધિનિયમની કલમ–૬(૧) અને ગુજરાત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ના નિયમ–૩(૧) હેઠળ તેમની તા.૨૦–૮–૧૧ ની અરજી સંબધમાં માંગેલી જરૂરી માહિતી અને દસ્તાવેજો માટે પાના નંગ–૧૩,૩૭૧/– પાના દીઠ રૂા.૨/– લેખે રૂા.૨૬,૭૪૨/– જમા કરવાનું ફરમાવવામાં આવેલ છે. જે ભરપાઈ કર્યેથી માહિતી પૂરી પાડવામાં આવશે તેવું જણાવેલ. આમ અરજદારને અઠવાઝોન તેમજ કતારગામઝોન તરફથી નિયત સમય અવધિમાં માહિતી પૂરી પાડવા જરૂરી ફી ભરપાઈ કરવા અરજદારને જણાવવામાં આવેલ છે. જયારે લીંબાયતઝોન તરફથી અરજદારને કોઈ માહિતી પૂરી પાડવામાં આવેલ જણાતી નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૦–૮–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી નહી પૂરી પડાયેલ દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે.

જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તથા કતારગામઝોન તરફથી કરવામાં આવેલ પ્રસ્તાવ અનુસાર નાણા ભરપાઈ કરી માહિતી મેળવવા અરજદાર સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૧

પ્રતિ,

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન, એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) ...જાણ તથા અમલ માટે

(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ